www.prepp.in

Prepp
Your Personal Exams Guide

Name & Signature of the Invigilator

..........................................................

..........................................................

# GUJARATI
## PAPER-II
## SEPT-18/06

OMR Answer Sheet No. :

Roll No. :

(in figures as in Hall Ticket)

Roll Number in words : ..........................................

..........................................................................................

Time : 2 Hours] No. of Printed Pages : 40 [Maximum Marks : 200

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. All questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) ● (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
10. Use only Blue/Black Ball point pen.
11. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
12. There shall be no negative marking.
13. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા **સો (૧૦૦)** પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   ઉદાહરણ : (A) ● (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો ના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર – II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અન્તિમ પૃષ્ઠ પર કરવું.
8. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્ન કે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમ કે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
9. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષાખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
10. માત્ર કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
11. કેલ્ક્યુલેટર, લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
12. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
13. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# GUJARATI — ગુજરાતી

## PAPER - II — પેપર–II

*Note* : This paper contains **ONE HUNDRED (100)** multiple-choice/assertion/reasoning questions/matching questions. Each question carries **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં સો (૧૦૦) બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે.

---

1. નીચેનામાંથી કઈ કૃતિ દયારામની નથી ?

(A) ચંદ્રહાસાખ્યાન (B) પ્રેમપરીક્ષા

(C) ભક્તિપોષણ (D) અજામિલ આખ્યાન

2. કયા કલાવિવેચકે માધ્યમના સ્વરૂપને આધારે કલાની ઉચ્ચાવચતાનું ધોરણ બાંધ્યું છે ?

(A) હેગલ (B) વર્સફોલ્ડ

(C) એબરક્રોમ્બી (D) હેઝલિટ

3. બહુવચનવાચક 'આં' અને 'ઉં' પ્રત્યયને કઈ સંજ્ઞાથી ઓળખાવી શકાય ?

(A) ઉપધ્વનિ (B) ઉપરૂપ

(C) જોડાક્ષર (D) રૂપઘટક

4. રસપ્રતીતિનાં સાત વિઘ્નોની ચર્ચા કોણે કરી છે ?

(A) લોલ્લટ (B) શંકુક

(C) અભિનવગુપ્ત (D) ભટ્ટ નાયક

5. 'નવ્યવિવેચન' ના અગ્રણી કોણ છે ?

(A) સુઝાન લેંગર (B) બોદ્લેર

(C) પોલ વાલેરી (D) રેન્સમ

www.prepp.in

6. પ્રતીકવાદી ફ્રેન્ચ કવિ કોણ છે ?

(A) મારિયા રિલ્કે
(B) વ્હીટમેન
(C) કીટ્સ
(D) ચાર્લ્સ બોદ્‌લેર

7. નીચેનામાંથી કયો વિવેચનગ્રંથ સુરેશ જોષીનો નથી ?

(A) કાવ્યચર્ચા
(B) કથોપકથન
(C) કાવ્યલોક
(D) અરણ્યરુદન

8. નીચેનામાંથી કઈ કૃતિનું સંશોધન–સંપાદન કે.કા. શાસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું છે ?

(A) હંસાઉલી
(B) રણમલ્લ છંદ
(C) શૃંગારમંજરી
(D) નેમિનાથ ચતુષ્પદિકા

9. 'મેઘદૂત' માં યક્ષ અલકાનગરી છોડીને કયા સ્થળમાં રહે છે ?

(A) સુંદરગિરિ
(B) રામગિરિ
(C) હિમગિરિ
(D) રેવંતગિરિ

10. 'મદનમોહના' કૃતિમાં મોહના કયા નગરની રાજકુંવરી છે ?

(A) વિજયનગર
(B) રૂપાવતી
(C) અયોધ્યા
(D) મથુરા

11. 'થ્રી સિસ્ટર્સ' કેટલા અંકનું નાટક છે ?

(A) ચાર
(B) પાંચ
(C) ત્રણ
(D) બે

Prepp
Your Personal Exams Guide

12. આત્મકથાને 'પગ માથા વિનાની આકૃતિ' સાથે કોણે સરખાવી છે ?

(A) વર્જિનિયા વુલ્ફ
(B) ડબલ્યુ. એચ. ડન
(C) સ્ટોરો બિન્સ્કી
(D) આન્દ્રે મોર્વા

13. હેનરી રિમાર્કે સાહિત્યના તુલનાત્મક અભ્યાસમાં શેનો સ્વીકાર કર્યો છે ?

(A) ભાષાભેદ
(B) પાત્રભેદ
(C) વસ્તુભેદ
(D) કાળભેદ

14. આર્નલ્ડકૃત 'લાઈટ ઓફ એશિયા' નો અનુવાદ કોણે કર્યો ?

(A) નાનાલાલ
(B) કે.કા. શાસ્ત્રી
(C) બ.ક. ઠાકોર
(D) નરસિંહરાવ

15. નીચેનામાંથી કયો ગ્રંથ જોરાવરસિંહ જાદવનો નથી ?

(A) ગુજરાતના લોકદેવો
(B) ગુજરાતની લોકસંસ્કૃતિ
(C) ગુજરાતની લોકવિદ્યા
(D) લોકસંસ્કૃતિમાં પશુ

16. સાચો કાલાનુક્રમ જણાવો.

(A) કુંતલ, નિહારિકા, આત્મનિમજ્જન, કબીરવડ

(B) નિહારિકા, કુંતલ, આત્મનિમજ્જન, કબીરવડ

(C) આત્મનિમજ્જન, કબીરવડ, કુંતલ, નિહારિકા

(D) કબીરવડ, આત્મનિમજ્જન, નિહારિકા, કુંતલ

Prepp
Your Personal Exams Guide

17. સાચો કાલાનુક્રમ જણાવો.

(A) ભામહ, મમ્મટ, ક્ષેમેન્દ્ર, વિશ્વનાથ

(B) ભામહ, ક્ષેમેન્દ્ર, મમ્મટ, વિશ્વનાથ

(C) મમ્મટ, ભામહ, ક્ષેમેન્દ્ર, વિશ્વનાથ

(D) ક્ષેમેન્દ્ર, વિશ્વનાથ, મમ્મટ, ભામહ

18. સાચો કાલાનુક્રમ જણાવો.

(A) અભિનવભારતી, સાહિત્યદર્પણ, રસગંગાધર, ધ્વન્યાલોક

(B) સાહિત્યદર્પણ, રસગંગાધર, ધ્વન્યાલોક, અભિનવભારતી

(C) રસગંગાધર, ધ્વન્યાલોક, સાહિત્યદર્પણ, અભિનવભારતી

(D) ધ્વન્યાલોક, અભિનવભારતી, સાહિત્યદર્પણ, રસગંગાધર

19. સાચો કાલાનુક્રમ જણાવો.

(A) અનુકરણ, ભવ્યતા, વસ્તુલક્ષી સહસંબંધક, વિઘટન

(B) ભવ્યતા, વસ્તુલક્ષી સહસંબંધક, વિઘટન, અનુકરણ

(C) અનુકરણ, વસ્તુલક્ષી સહસંબંધક, વિઘટન, ભવ્યતા

(D) વસ્તુલક્ષી સહસંબંધક, અનુકરણ, ભવ્યતા, વિઘટન

20. સાચો કાલાનુક્રમ જણાવો.

(A) લોન્જાઈનસ, મેથ્યુ આર્નલ્ડ, કોલરિજ, એલિયટ

(B) લોન્જાઈનસ, એલિયટ, કોલરિજ, મેથ્યુ આર્નલ્ડ

(C) લોન્જાઈનસ, કોલરિજ, મેથ્યુ આર્નલ્ડ, એલિયટ

(D) કોલરિજ, લોન્જાઈનસ, મેથ્યુ આર્નલ્ડ, એલિયટ

Prepp
Your Personal Exams Guide

21. સાચો કાલાનુક્રમ જણાવો.

(A) સૌષ્ઠવવાદ, રંગદર્શિતાવાદ, પ્રતીકવાદ, સંરચનાવાદ

(B) રંગદર્શિતાવાદ, સૌષ્ઠવવાદ, પ્રતીકવાદ, સંરચનાવાદ

(C) સૌષ્ઠવવાદ, પ્રતીકવાદ, રંગદર્શિતાવાદ, સંરચનાવાદ

(D) પ્રતીકવાદ, સૌષ્ઠવવાદ, રંગદર્શિતાવાદ, સંરચનાવાદ

22. સાચો કોશાનુક્રમ જણાવો.

(A) શિલ્પ, શિષ્ય, શંભુ, શુદ્ધ

(B) શુદ્ધ, શંભુ, શિલ્પ, શિષ્ય

(C) શંભુ, શિલ્પ, શુદ્ધ, શિષ્ય

(D) શંભુ, શિલ્પ, શિષ્ય, શુદ્ધ

23. સાચો કાલાનુક્રમ જણાવો.

(A) વ્યાકરણ : અર્થ અને આકાર, ગુજરાતી ક્રમિક વ્યાકરણ, ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ, વ્યાકરણવિમર્શ

(B) વ્યાકરણ : અર્થ અને આકાર, ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ, ગુજરાતી ક્રમિક વ્યાકરણ, વ્યાકરણવિમર્શ

(C) ગુજરાતી ક્રમિક વ્યાકરણ, વ્યાકરણવિમર્શ, વ્યાકરણ : અર્થ અને આકાર, ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ

(D) ગુજરાતી ક્રમિક વ્યાકરણ, વ્યાકરણ : અર્થ અને આકાર, ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ, વ્યાકરણવિમર્શ

www.prepp.in

24. સાચા કાલાનુક્રમ પ્રમાણે ગોઠવો.

(1) અનુઆધુનિકતા અને આપણે

(2) સંજ્ઞાન

(3) ખેવના

(4) ચંદ્રકાન્ત બક્ષીથી ફેરો

(A) 1–2–3–4 (B) 4–3–2–1

(C) 3–4–1–2 (D) 2–1–4–3

25. સાચા કાલાનુક્રમ પ્રમાણે ગોઠવો.

(1) સોરઠી ગીતકથાઓ

(2) લોકસાહિત્ય : ધરતીનું ધાવણ

(3) કંકાવટી

(4) લોકસાહિત્યનું સમાલોચન

(A) 1–2–3–4 (B) 4–3–2–1

(C) 2–3–1–4 (D) 3–1–2–4

26. સાચા કાલાનુક્રમ પ્રમાણે ગોઠવો.

(1) યુદ્ધકાંડ

(2) સુંદરકાંડ

(3) કિષ્કિન્ધાકાંડ

(4) આરણ્યકકાંડ

(A) 1–2–3–4 (B) 4–3–2–1

(C) 2–3–1–4 (D) 3–1–2–4

Prepp
Your Personal Exams Guide

27. સાચા કાલાનુક્રમ પ્રમાણે ગોઠવો.

(1) મારીશા

(2) મધુરીમૈયા

(3) મંજરી

(4) મેઠી

(A) 1–2–3–4 (B) 4–3–2–1

(C) 2–3–1–4 (D) 3–1–2–4

28. સાચા કાલાનુક્રમ પ્રમાણે ગોઠવો.

(1) જહોન ફાઉસ્ટ

(2) ક્લાઈટેમ્નેસ્ટ્રા

(3) ચુબુનિકીન

(4) ઓરેસ્ટિસ

(A) 1–2–3–4 (B) 4–3–2–1

(C) 2–1–3–4 (D) 4–2–1–3

29. સાચા કાલાનુક્રમ પ્રમાણે ગોઠવો.

(1) હું પોતે

(2) સ્મરણયાત્રા

(3) મધ્યાહ્નનાં મૃગજળ

(4) સાફલ્યટાણું

(A) 1–2–3–4 (B) 4–3–2–1

(C) 4–3–1–2 (D) 2–1–3–4

30. સાચા કાલાનુક્રમ પ્રમાણે ગોઠવો.

(1) ઓલ્યા કાંઠાનાં અમે પંખીડાં

(2) ચૂડ વિજોગણ

(3) ચંદર ઊગ્યે ચાલવું

(4) નવો હલકો

(A) 1–2–3–4

(B) 4–3–2–1

(C) 4–3–1–2

(D) 2–1–3–4

31. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) ચુનીલાલ મડિયા : અંતઃસ્ત્રોતા, કથાલોક, રક્તતિલક

(B) દર્શક : અઢારસો સત્તાવન, વાગીશ્વરીનાં કર્ણફૂલો, ઇક્ષણા

(C) નિરંજન ભગત : છંદોલય, કિન્નરી, સ્પર્શ

(D) હરીન્દ્ર દવે : હયાતી, અવકાશ, લોહીનો લાલ રંગ

32. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) વૃત્તિ : ભારતી, આરભટી, માગધી

(B) માર્ગ : સુકુમાર, વિચિત્ર, મધ્યમ

(C) શૈલી : પાંચાલી, સાત્વિકી, ગૌડી

(D) ગુણ : ઓજસ, પ્રમાદ, માધુર્ય

33. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) ભટ્ટ લોલ્લટ, મીમાંસાવાદી, ઉત્પત્તિવાદ, જન્યજનક સંબંધ

(B) શંકુક, નૈયાયિક, અનુમતિવાદ, સાધારણીકરણ

(C) ભટ્ટનાયક, સાંખ્યવાદી, ભુક્તિવાદ, રસપ્રતીતિનાં વિઘ્નો

(D) અભિનવગુપ્ત, અલંકારશાસ્ત્રી, અભિવ્યંજનાવાદ, ચાર પ્રતીતિ

34. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) પ્લેટો, કલ્પસિદ્ધાંત, રિપબ્લિક, વિજ્ઞાનવાદી ફિલસૂફ

(B) એરિસ્ટોટલ, પોએટિક્સ, ત્રિવિધએકતા, ગણિતશાસ્ત્રી

(C) કોલરિજ, બાયોગ્રાફિયા લિટરેરિયા, કલ્પના, અંગ્રેજ

(D) બેનેડેટ્ટો ક્રોચે, ધ એસ્થેટિક્સ, અંતઃસ્ફુરણા, ઈટાલી

35. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) પ્રશિષ્ટતાવાદ, સૌષ્ઠવપ્રિયતાવાદ, રૂપપ્રધાન, સંસ્કારી સંયમ

(B) કૌતુકવાદ, સ્વૈરવાદ, રંગવાદ, સ્વસ્થ

(C) અતિવાસ્તવવાદ, પરાવાસ્તવવાદ, આન્દ્રેબ્રેતોં, યથાર્થવાદ

(D) પ્રતીકવાદ, બોદ્‌લેર, માલાર્મે, સોસ્યૂર

36. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) સુરેશ જોષી : આધુનિકતાવાદ, કાવ્યચર્ચા, શ્રુણ્વન્તુ

(B) પ્રમોદકુમાર પટેલ : પ્રતીતિ, કથાવિવેચન પ્રતિ, સમાલોચના

(C) રાધેશ્યામ શર્મા : વાચના, વાર્તાવિચાર, વિવેચનનો વિધિ

(D) જયંત કોઠારી : વિવેચનનું વિવેચન, અનુષંગ, મધ્યકાલીન જ્ઞાનમાર્ગી ધારાની ભૂમિકા

37. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) હરિવલ્લભ ભાયાણી : છંદોનુશાસન, સંદેશકરાસ, પઉમચરિઉ

(B) કે.કા. શાસ્ત્રી : જૂની પશ્ચિમી રાજસ્થાની, અમરકોશ, શોધ અને સ્વાધ્યાય

(C) ભોગીલાલ સાંડેસરા : જૈન આગમ સાહિત્યમાં ગુજરાત, ઇતિહાસની કેડી, ભાષાવિમર્શ

(D) પુષ્કર ચંદરવાકર : લોકવાર્તા, લોકરંગ, લોકસાહિત્યવિમર્શ

38. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) ગોરા, રવીન્દ્રનાથ ટાગોર, રમણલાલ સોની, બંગાળી

(B) સંસ્કાર, યુ.આર. અનંતમૂર્તિ, હસમુખ દવે, કન્નડ

(C) આરણ્યક, વિભૂતિભૂષણ બંદોપાધ્યાય, ચંદ્રકાન્ત બક્ષી, બંગાળી

(D) યયાતિ, વિષ્ણુ ખાંડેકર, નિસ્પૃહા દેસાઈ, મરાઠી

www.prepp.in

39. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) ગુજરાતનો નાથ, ગુપ્તયુગ, કાક, ઉલક

(B) કુરુક્ષેત્ર, ત્રેવીસ પ્રકરણો, સુવર્ણા, ધૌમ્યઋષિ

(C) કામિની, શેખર, સુંદર, કેશવ

(D) અમૃતા, પ્રશ્નાર્થ, પ્રતિભાવ, નિરુત્તર

40. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) વેસ્ટલેન્ડ, દીર્ઘકાવ્યરચના, હરીન્દ્ર દવે, લંડન

(B) દૂઈનો એલેજી, કરુણપ્રશસ્તિ, રિલ્કે, જર્મન

(C) વેઈટિંગ ફોર ગોદો, સુમન શાહ, ત્રિઅંકી નાટક, ફ્રેન્ચ

(D) મેટામોર્ફોસિસ, દીર્ઘવાર્તા, શિરીષ પંચાલ, ફ્રાન્ઝ કાફકા

41. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) પદ્યવાર્તા : પદ્માવતી, મદનમોહના, પ્રેમપચીસી

(B) પદ્યનાટક : ડાયલનાં પંખી, નેપથ્યે, સૂરમંગલ

(C) ખંડકાવ્ય : અતિજ્ઞાન, એભલવાળો, અભિસાર

(D) આખ્યાન : રણયજ્ઞ, શ્રાદ્ધ, ઓખાહરણ

Prepp
Your Personal Exams Guide

42. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) આઉટસાઈડર, કામ્યૂ, રવીન્દ્ર પારેખ, ઇતરજન

(B) પ્લુટસ, એરિસ્ટોફેનિસ, દલપતરામ, લક્ષ્મીનાટક

(C) મોકડોક્ટર, મોલિયર, નવલરામ, ભટ્ટનું ભોપાળુ

(D) ઇબ્સન, ડોલ્સ હાઉસ, પ્રાણજીવન પાઠક, ઢીંગલી ઘર

43. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) સુધારક યુગ : શાળાપત્ર, સત્યપ્રકાશ, બુદ્ધિપ્રકાશ

(B) પંડિત યુગ : પ્રિયંવદા, સુદર્શન, સેતુ

(C) ગાંધી યુગ : નવજીવન, યંગ ઇન્ડિયા, હરિજન બંધુ

(D) આધુનિક યુગ : એતદ્, સંજ્ઞા, ખેવના

44. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) હરિવલ્લભ ભાયાણી : મધ્યકાલીન કથાકોશ, મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ, ગુજરાતી ભાષાનો લઘુ વ્યુત્પત્તિકોશ

(B) કે.કા. શાસ્ત્રી : પાયાનો ગુજરાતી શબ્દકોશ, ગુજરાતી ભાષાનો લઘુ જોડણીકોશ, વનૌષધિકોશ

(C) ચંદ્રકાન્ત ટોપીવાલા : આધુનિક સંજ્ઞાકોશ, વિશિષ્ટ સાહિત્ય સંજ્ઞાકોશ, ગુજરાતી સાહિત્ય કોશ : ૨

(D) રતિલાલ નાયક : પર્યાયકોશ, નન્હોકોશ, મોટોકોશ

Prepp
Your Personal Exams Guide

45. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) શાંતિભાઈ આચાર્ય : લોકસાહિત્યમાં કથનશૈલી, કચ્છી શબ્દાવલી, કચ્છી લોકકથા

(B) ભગવાનદાસ પટેલ : ભીલોનું ભારથ, ભીલ કથાગીત, ભીલી શબ્દકોશ

(C) જયાનંદ જોશી : રાજના છેલિયા, લગ્નગીતો, હોળી ગીતો

(D) જયમલ્લ પરમાર : આપણાં રાસ–ગરબા, આપણું લોકસંગીત, આપણી લોકસંસ્કૃતિ

46. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) કાકાસાહેબે સાબરમતી જેલમાં 'સ્મરણયાત્રા' કૃતિ રચી હતી.

(R) કાકાસાહેબ જેલવાસ દરમ્યાન પોતાના મન અને કલ્પનાને મોકળાશ આપવા માગતા હતા.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

47. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) 'ગંગા તટે રહું છું'–વાક્ય ગૌણીલક્ષણાનું દૃષ્ટાંત છે.

(R) 'ગંગા તટે રહું છું'–વાક્યમાં વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ વચ્ચે સાદૃશ્યનો સંબંધ છે.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

www.prepp.in

48. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) 'જ્યાં જ્યાં ચમન, જ્યાં જ્યાં ગુલો, ત્યાં ત્યાં નિશાની આપની' – આ પંક્તિ રસધ્વનિનું દૃષ્ટાંત છે.

(R) આ પંક્તિમાં મનોભાવ વ્યંગ્યાર્થ રસ કે ભાવ રૂપે વ્યક્ત થાય છે.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

49. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) એરિસ્ટોટલે મનોવિજ્ઞાનમાંથી 'વિરેચન' શબ્દ લીધો છે.

(R) એરિસ્ટોટલ મનોવિજ્ઞાની હતા.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

Prepp
Your Personal Exams Guide

50. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) બ.ક. ઠાકોર વિચારપ્રધાન કવિતાને દ્વિજોત્તમ જાતિની કવિતા ગણતા હતા.

(R) બ.ક. ઠાકોર ઉત્તમ વિચારને ઉત્તમ કવિતા માટે અનિવાર્ય માનતા હતા.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

51. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) રોલાં બાર્થને મતે 'લેખકનું મૃત્યુ થયું છે.'

(R) રોલાં બાર્થ સર્જકભાષાને સ્વીકારતા નથી.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

52. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) શાંતિભાઈ આચાર્યએ 'કચ્છી લોકકથા' નું સંપાદન કર્યું.

(R) શાંતિભાઈ આચાર્યનું મૂળવતન કચ્છ છે.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

53. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) 'મેઘદૂત' ના યક્ષને એક વર્ષ માટે સ્વર્ગત્યાગનો દંડ કરવામાં આવે છે.

(R) 'મેઘદૂત' ના યક્ષે કુબેરની સેવા કરવાની ફરજમાં પ્રમાદ દર્શાવ્યો હતો.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

54. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) 'આશંકા' પદ્યનાટકમાં રાજા બ્રહ્મદત્તનાં લગ્ન આશંકા સાથે થઈ શકતાં નથી.

(R) 'આશંકા' પદ્યનાટકમાં રાજા બ્રહ્મદત્ત ઋષિની શરત અનુસાર રૂપસુંદરી આશંકાનું નામ કહી શકતો નથી.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

www.prepp.in

55. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) 'ધ મિક વન' માં નાયિકા આત્મહત્યા કરે છે.

(R) 'ધ મિક વન' ની નાયિકાનો પતિ તેને શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

56. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) નવલિકા નવલકથાનું ટુંકાવેલું રૂપ છે.

(R) નવલિકા કરકસરની કલા છે.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

57. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) તુલનાત્મક પદ્ધતિના અભ્યાસનું સાંસ્કૃતિક મૂલ્ય છે.

(R) તુલનાત્મક સાહિત્યના મૂળમાં સમન્વયનો આદર્શ રહ્યો છે.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

58. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) સુરેશ જોષીએ 'રશિયન ટૂંકીવાર્તા' નામનું અનૂદિત પુસ્તક આપ્યું છે.

(R) સુરેશ જોષીને વિદેશી સાહિત્યનો વિશેષ અભ્યાસ હતો.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

59. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) નર્મદે 'ડાંડિયો' નામે વિચારપત્ર શરૂ કર્યું હતું.

(R) નર્મદ પોતાનું સાહિત્ય જનસમાજ સુધી પહોંચાડવા ઇચ્છતો હતો.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

www.prepp.in

60. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો.

(A) જોગીદાસ ખુમાણ બોડકીગામ ભાંગવાનું માંડી વાળે છે.

(R) જોગીદાસ ખુમાણના વેરીની ઉપપત્નીની દીકરી બોડકીગામમાં રહેતી હતી.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

61. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) 'અડવા પચીસી' મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની કૃતિ છે.

(બ) 'અડવા પચીસી' હરિકૃષ્ણ પાઠકનો કાવ્યસંગ્રહ છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

62. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) પ્રત્યય અને પ્રકૃતિનો બોધ કરે તેવા શબ્દોને વાચક કહે છે.

(બ) વાચ્યાર્થ કે મુખ્યાર્થથી જે વ્યાપાર પ્રતીત થાય તેને અભિધા શબ્દશક્તિ કહે છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

63. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) મમ્મટના મતે વિભાવના આભાસથી રસાભાસ અને ભાવાભાસ જન્મે છે.

(બ) અભિનવ ગુપ્ત અનૌચિત્યને રસાભાસ અને ભાવાભાસ માટે જવાબદાર ગણાવે છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

Prepp
Your Personal Exams Guide

64. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) મેથ્યુ આર્નલ્ડે કવિતામાં નૈતિકતાને અનિવાર્ય ગણાવી છે.

(બ) એરિસ્ટોટલના મતે ઇતિહાસનું સત્ય કવિતાના સત્યથી વિશેષ ઊંચું છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

65. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) અનુસ્વાર એ સ્વરની પાછળ આવતું સ્વતંત્ર ઉચ્ચારણ છે.

(બ) નરસિંહરાવે અનુસ્વારના તીવ્ર અને કોમળ એવા બે ભેદ દર્શાવ્યા હતા.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

66. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) સંરચનાવાદ સાથે એલિયટનું નામ સંકળાયેલું છે.

(બ) ક્લાસિસિઝમ સાથે મિશેલ ફૂકોનું નામ જોડાયેલું છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

67. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) નરસિંહરાવે કવિ અને વિવેચકને જોડિયાભાઈ કહ્યા છે.

(બ) ચંદ્રકાન્ત ટોપીવાળાએ 'સંરચના અને સંરચન' નામનો ગ્રંથ આપ્યો છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

68. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) 'સાર્ત્રનો સાહિત્યવિચાર' સુમન શાહનું પુસ્તક છે.

(બ) પ્રમોદકુમાર પટેલે 'ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાવાદ' પુસ્તક આપ્યું છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

69. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) 'આંગળિયાત' માં ટીહો અને મેઠી લગ્ન કરી જીવનના સંઘર્ષ સામે લડે છે.

(બ) લાભશંકર ઠાકરે 'જેસલમેર' કાવ્ય રચ્યું છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

Prepp
Your Personal Exams Guide

70. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) 'હયવદન' માં કપિલ દેવદત્ત અને પદ્મિનીનાં લગ્ન કરાવડાવે છે.

(બ) 'હજાર ચુરાશિરમા' કૃતિમાં વ્રતીનો કેદી નંબર ચોર્યાસી છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

71. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) 'ફાઉસ્ટ' માં જાદુગર ફાઉસ્ટ જિજ્ઞાસાથી પ્રેરાઈને સેતાન સામે પોતાનો આત્મા વેચી નાખે છે.

(બ) 'ધ ફલાઈઝ' નાટકમાં આરગોસ નગરનો ઉલ્લેખ છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

www.prepp.in

72. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) આખ્યાન કૃતિમાં આરંભે ભરતવાક્ય મૂકવાની પરંપરા હતી.

(બ) પદ્યવાર્તા કથ્ય અને શ્રાવ્ય સાહિત્યપ્રકાર હતો.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

73. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) હેનરી રિમાર્કે સાહિત્યના તુલનાત્મક અભ્યાસમાં ભાષાભેદનો સ્વીકાર કર્યો છે.

(બ) ભારતમાં ઉમાશંકર જોશીએ સૌ પ્રથમવાર વિશ્વસાહિત્યનો વિચાર વહેતો મૂક્યો છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

Prepp
Your Personal Exams Guide

74. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) આશારામ દલીચંદે 'દેશ્ય શબ્દકોશ' નું સંપાદન કર્યું છે.

(બ) 'કથનસપ્તસતી' પુસ્તકમાં ગુજરાતી રૂઢિપ્રયોગોનો સંચય થયો છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

75. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) પુષ્કર ચંદરવાકર કૃત 'ખીજડિયું' માં લોકગીતો સંપાદિત થયાં છે.

(બ) પુષ્કર ચંદરવાકર કૃત 'ઓલ્યા કાંઠાનાં અમે પંખીડાં' માં લોકકથાઓ સંપાદિત થઈ છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

www.prepp.in

76. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) કોશા | (1) નેમિનાથ ફાગુ |
| (*b*) રાજુલ | (2) સિરિથુલિભદ્રફાગુ |
| (*c*) સાવલિંગા | (3) કાદંબરી |
| (*d*) મહાશ્વેતા | (4) સદયવત્સચરિત્ર |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 4 | 3 |
| (B) | 1 | 3 | 2 | 4 |
| (C) | 3 | 2 | 4 | 1 |
| (D) | 1 | 2 | 3 | 4 |

77. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) ગંગા પર ઝૂંપડું | (1) સાહચર્ય સંબંધ |
| (*b*) પશ્ચિમના લોકો | (2) સામીપ્ય સંબંધ |
| (*c*) ભાલા પ્રવેશ્યા | (3) સાદૃશ્ય સંબંધ |
| (*d*) ભીમનું શરીર વજ્રનું હતું | (4) આશ્રયાશ્રયી ભાવ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 4 | 2 |
| (B) | 2 | 4 | 1 | 3 |
| (C) | 2 | 3 | 4 | 1 |
| (D) | 4 | 3 | 2 | 1 |

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

78. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (a) | સંચારી ભાવ | (1) | આઠ |
| (b) | સાત્વિક ભાવ | (2) | અઠયાવીસ |
| (c) | ઔચિત્યસ્થાનો | (3) | સાત |
| (d) | રસપ્રતીતિનાં વિઘ્નો | (4) | તેત્રીસ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 4 | 2 |
| (B) | 3 | 2 | 4 | 1 |
| (C) | 1 | 3 | 4 | 2 |
| (D) | 4 | 1 | 2 | 3 |

79. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (a) | A New Criticism | (1) | જહોન ક્રો રેન્સમ |
| (b) | Principles of Literary Criticism | (2) | આઈ.એ. રિચર્ડ્ઝ |
| (c) | Seven types of Ambiguity | (3) | વિલિયમ એમ્પ્સન |
| (d) | New bearing in English Poetry | (4) | એફ.આર. લેવિસ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 3 | 4 | 1 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 4 | 3 | 2 | 1 |

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

80. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (a) | શ | (1) | ઘોષ, અલ્પપ્રાણ |
| (b) | ર | (2) | જોડાક્ષર |
| (c) | હ | (3) | ઘોષ, મહાપ્રાણ |
| (d) | ક્ષ | (4) | અઘોષ મહાપ્રાણ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 2 | 4 |
| (B) | 3 | 2 | 1 | 4 |
| (C) | 4 | 1 | 3 | 2 |
| (D) | 3 | 2 | 4 | 1 |

81. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (a) | કૌતુકરાગ | (1) | જયંત કોઠારી |
| (b) | ઉદ્રેકવાદ | (2) | ઉમાશંકર જોશી |
| (c) | આનંદલક્ષી | (3) | ક.મા. મુનશી |
| (d) | સ્વૈરવાદ | (4) | રા.વિ. પાઠક |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 4 | 3 | 1 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 4 | 3 | 2 | 1 |

82. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) સુરેશ જોષી | (1) અનુઆધુનિકતાવાદ અને આપણે |
| (*b*) સુમન શાહ | (2) અરણ્યરુદન |
| (*c*) ચંદ્રકાન્ત ટોપીવાળા | (3) વાત આપણા વિવેચનની |
| (*d*) શિરીષ પંચાલ | (4) અનુઆધુનિકતાવાદ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 4 | 2 |
| (B) | 2 | 1 | 4 | 3 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 2 | 4 | 3 | 1 |

83. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) ઝવેરચંદ મેઘાણી | (1) સંશોધનને માર્ગે |
| (*b*) કે.કા. શાસ્ત્રી | (2) પદ્યરચનાની ઐતિહાસિક આલોચના |
| (*c*) ભોગીલાલ સાંડેસરા | (3) ચારણો અને ચારણીસાહિત્ય |
| (*d*) કે.હ. ધ્રુવ | (4) સંશોધનની કેડી |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 2 | 3 | 4 | 1 |
| (B) | 3 | 4 | 2 | 1 |
| (C) | 3 | 1 | 4 | 2 |
| (D) | 1 | 3 | 4 | 2 |

www.prepp.in

84. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (*a*) | સંસ્કાર | (1) | દેવદત્ત |
| (*b*) | ગોરા | (2) | બનવારીલાલ |
| (*c*) | આરણ્યક | (3) | કૃષ્ણ યાદવ |
| (*d*) | હયવદન | (4) | પુત્તા |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 2 | 4 |
| (B) | 2 | 4 | 1 | 3 |
| (C) | 3 | 2 | 4 | 1 |
| (D) | 4 | 3 | 2 | 1 |

85. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (*a*) | બારી બહાર | (1) | આધુનિક અરણ્ય |
| (*b*) | ધ્વનિ | (2) | કબ્રસ્તાન |
| (*c*) | અથવા | (3) | શ્રાવણી મધ્યાહ્ને |
| (*d*) | છંદોલય | (4) | છેલ્લી પૂજા |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 2 | 1 |
| (B) | 3 | 2 | 4 | 1 |
| (C) | 2 | 4 | 3 | 1 |
| (D) | 4 | 2 | 1 | 3 |

86. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ | (1) સ્ટીફન ડેડાલસ |
| (b) યુલિસિસ | (2) મ્યૂરસો |
| (c) ધ કાસલ | (3) રાસ્કોલનિકોવ |
| (d) આઉટસાઈડર | (4) કીડા |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 3 | 1 |
| (B) | 1 | 3 | 2 | 4 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 3 | 1 | 4 | 2 |

87. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) આત્મકથા | (1) અસ્તી |
| (b) જીવનકથા | (2) લેબિરિન્થ |
| (c) નવલકથા | (3) મારી દુનિયા |
| (d) ટૂંકીવાર્તા | (4) શુક્રતારક |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 2 | 3 | 4 | 1 |
| (C) | 3 | 2 | 1 | 4 |
| (D) | 1 | 3 | 4 | 2 |

Prepp
Your Personal Exams Guide

88. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (a) | તુલનાત્મક સાહિત્ય : સિદ્ધાંત અને વિનિયોગ | (1) | વસંત બાપટ |
| (b) | તુલનાત્મક સાહિત્યાભ્યાસ | (2) | અશ્વિન દેસાઈ |
| (c) | તુલનાત્મક સાહિત્ય : ભારતીય સંદર્ભ | (3) | પ્રસાદ બ્રહ્મભટ્ટ |
| (d) | તુલનાત્મક સાહિત્યની દિશામાં | (4) | ચૈતન્ય દેસાઈ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 1 | 3 |
| (B) | 2 | 1 | 4 | 3 |
| (C) | 3 | 1 | 4 | 2 |
| (D) | 1 | 2 | 4 | 3 |

89. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (a) | કંકાવટી | (1) | લોકવાર્તા |
| (b) | ચૂડ વિજોગણ | (2) | લગ્નગીત |
| (c) | ચૂંદડી | (3) | ગીતકથા |
| (d) | લોકજીવન | (4) | વ્રતકથા |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 2 | 1 |
| (B) | 3 | 1 | 2 | 4 |
| (C) | 1 | 2 | 4 | 3 |
| (D) | 2 | 4 | 3 | 1 |

Prepp
Your Personal Exams Guide

90. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) લોકસાહિત્ય શબ્દકોશ | (1) ભાનુસુખરામ |
| (*b*) પૌરાણિક કથાકોશ | (2) ઈશ્વરભાઈ દવે |
| (*c*) ગુજરાતી શબ્દાર્થકોશ | (3) જેઠાલાલ ત્રિવેદી |
| (*d*) દેશ્ય શબ્દકોશ | (4) ડાહ્યાભાઈ દેરાસરી |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 2 | 4 | 1 | 3 |
| (B) | 3 | 4 | 2 | 1 |
| (C) | 3 | 2 | 4 | 1 |
| (D) | 1 | 2 | 4 | 3 |

ગદ્યખંડની નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તરો આપો :

કવિના આ વાહનની શક્તિ એ જ એની મર્યાદા પણ છે. ગુજરાતી ચિત્રકારનું ચિત્ર કે નૃત્યકારનું નૃત્ય અન્ય દેશવાસી પણ સમજી શકે. કવિતાને એ લાભ નથી, પણ એમ તો પ્રત્યેક કલાને પોતપોતાની મર્યાદા હોય છે. સંગીત પૂરું થવાની સાથે જ હંમેશ માટે પૂરું થયું ગણવું પડે એવી, સ્વરબિંબન (રેકર્ડિંગ) શોધાયા સુધી, સ્થિતિ હતી. ચિત્રનું આયુષ્ય પણ કાગળ, કાપડ કે દીવાલના આયુષ્ય ઉપર, ફોટોગ્રાફી વગેરેની શોધ થઈ ત્યાં સુધી, આધાર રાખતું. નૃત્ય પણ સંગીતની પેઠે એકવાર પૂરું થયું કે હંમેશ માટે થયું, સિવાય કે હમણાં એનાં ચલચ્ચિત્રો લેવાય છે તે દ્વારા

તે કાંઈક ટકી રહે એ; પણ આ ચલચિત્ર, ફોટોગ્રાફ કે સ્વરબિંબનમાં અસલની હૂબહૂ રેખાઓ સચવાવી અશક્ય છે. એક ભાષા છોડીને બીજીમાં અનુવાદ કરવા જાઓ એટલે વસ્તુ જ ફરી જાય છે. મૂળ કૃતિમાં અર્થ શબ્દ સાથે અર્ધનારીશ્વરનાં શિવપાર્વતીવત્ સંપૃક્ત હતો, તેમાંથી શબ્દને રહેવા દઈ એમાંથી અર્થ ઊતરડી કાઢી બીજી ભાષામાં મૂકવા પ્રયત્ન કરતાં બીજું શું થાય? કવિને જે કહેવું હતું તે તો એણે વાપરેલા શબ્દો વડે જ કહેવાવું શક્ય બન્યું હતું. બીજા શબ્દો, પછી તે એ જ ભાષાના કે અન્યના, વાપરો એટલે કૃતિ જ પલટાઈ ગઈ. હજી કદાચ સામાન્ય લખાણનો અનુવાદ તમે કરી શકો, પણ કાવ્યકૃતિ હોય તો તો અનુવાદમાં તેનો માત્ર અર્થ તમે આપી શકો, તેનો પ્રાણ–રસ–નહીં. કવિતાકલાની આ મર્યાદા છે અને તે પણ એણે પોતાના વાહન લેખે મનુષ્યની સામાજિક વૃત્તિના પરિણામરૂપ ભાષાનો ઉપયોગ કર્યો એમાંથી જન્મેલી છે.

91. સ્વરબિંબન પૂર્વે સંગીતની આસ્વાદઅવધિ કેટલી રહેતી ?

(A) અનુરણન ટકે ત્યાં સુધીની (B) સદ્યસમાપ્તિની

(C) લાંબા સમય માટેની (D) ક્ષણિક આવેગ પૂરતી

92. ચલચ્ચિત્રમાં હૂબહૂ રેખાઓ કેમ સચવાતી નથી ?

(A) તકનિકી જાણકારીના અભાવથી. (B) 'નકલમાં અકલ' ન હોવાથી.

(C) માધ્યમ બદલાય છે તેથી. (D) માધ્યમથી સંપ્રજ્ઞાત ન હોવાથી.

93. મૂળ કૃતિમાં શબ્દ અને અર્થનો સંબંધ કેવો હોય છે ?

(A) સ્ત્રી રૂપે (B) પુરુષ રૂપે

(C) ઈશ્વર રૂપે (D) નર–નારી સાયુજ્ય રૂપે

94. અનુવાદ કરવા જતાં મૂળ કૃતિમાંથી શું ઓછું થાય છે ?

(A) મૂળ રસ (B) અર્થ

(C) વ્યંજના (D) કલેવર

95. કવિના વાહનની વિશેષતા કઈ છે ?

(A) એ અત્યંત સક્ષમ છે.

(B) એમાં અક્ષમતા ઘણી છે.

(C) એ સક્ષમ અને અક્ષમ બન્ને છે.

(D) એની ક્ષમતામાં જ એની અક્ષમતા સમાયેલી છે.

કાવ્યની નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તરો આપો :

૩૦–૧–૧૯૪૮

ક્ષિતિજ શૂન્ય સ્મશાન, ચિતા મહીં
તપનનું શબ, કાય જલી રહી;
અગનની ગગને પ્રસરી શિખા,
ક્ષણિક તેજ તણી શું મરીચિકા !
તિમિરના પટ શ્યામ થકી નિશા
ગહન, ને ગમગીન બધી દિશા;
મરણ સન્મુખ મૌન જગે ધર્યું,
ડૂસકુંય નહિ જ્યાં પવને ભર્યું.
સમસમી સૂનકાર હવે ભીંસે,
નિખિલ શોકનિમગ્ન નહિ દીસે,

Prepp
Your Personal Exams Guide

પૂરવમાં પ્રગટે તહીં તારકો,

સકલના અવ એક જ ધારકો;

પ્રગટવા બહુ જે મથતા હતા,

અવ ન ગોપન, સર્વ અહીં છતા.

96. કાવ્ય કઈ વ્યક્તિને લક્ષે છે ?

(A) ભગતસિંહ
(B) જહોન એફ. કેનેડી
(C) ગાંધીજી
(D) માર્ટિન લ્યૂથર કિંગ

97. 'મરીચિકા' શબ્દનો અર્થ દર્શાવો :

(A) વીજઝબકાર
(B) મૃગજળ
(C) જળતરંગ
(D) આરતી

98. કાવ્યમાં દર્શાવાયેલો સમય કયો છે ?

(A) ઉષા
(B) નિશા
(C) મધ્યાહ્ન
(D) સંધ્યા

99. 'કુસુકુંપ જ્યાં નહિ પવને ભર્યું' પંક્તિમાં કયો અલંકાર પ્રયોજાયો છે ?

(A) સજીવારોપણ
(B) રૂપક
(C) ભ્રાંતિમાન
(D) દૃષ્ટાંત

100. કાવ્યમાં પ્રયોજાયેલો છંદ કયો છે ?

(A) વંશસ્થ
(B) ઈન્દ્રવજ્રા
(C) દ્રુતવિલંબિત
(D) તોટક

www.prepp.in

## ROUGH WORK

SEAL